# શ્રી એન.ડી.શાહ અડપોદરા હાઈસ્કૂલ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

રાયગઢ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાની અડપોદરા ખાતેની એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી એન.ડી.શાહ હાઈસ્કૂલ ખાતે ૨૬મી જાન્યુઆરીએ ૭૩માં પ્રજાસત્તાક પર્વની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ તથા શાળાના કમ્પ્યુટરના દાતાશ્રી અને BZ ઈન્ટરનેશનલ બ્રોકિંગ પ્રા.લિમિટેડના MD ભુપેન્દ્રસિંહ ઝાલાના વરદ હસ્તે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી એસ.જે. પટેલ તથા ભૂપેન્દ્રસિંહ ઝાલા દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. ભુપેન્દ્રસિંહ દ્વારા ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ગણિત-વિજ્ઞાન વિષયના મફત ટ્યુશન ક્લાસીસ શરૂ કરવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી, આચાર્યશ્રી, સ્ટાફ પરિવાર, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ગ્રામજનો તથા વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# માલવણ કેશાપુર પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સરડોઈ તા.૨૭

મોડાસા તાલુકાના માલવણ કેશાપૂર પ્રાથમિક શાળામાં દેશના ૭૫માં પ્રજાસત્તાક પર્વની રંગારંગ ઉજવણી કરવામાંઆવી. કોવિડ ગાઈડના પાલન સાથે જાનવી દશરથસિંહ મકવાણા ના હસ્તે ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત સામાજિક કાર્યકર હિમાંશુભાઈ વ્યાસે ( મહાદેવગ્રામ) પ્રાસંગિક ઉદબોધમાં શાળાના ભૌતિક અને શૈક્ષણિક વિકાસ માટે ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય અલ્પેશભાઈ પટેલ અને સ્ટાફ ઈ આમંત્રિતો અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.




# ગાંભોઈ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંભોઈ તા.૨૭



હિંમતનગર તાલુકાની ગાંભોઈ પ્રાથમિક શાળામાં કોરોના ગાઈડલાઈન ધ્યાને રાખીને ૭૩માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામની વધુ ભણેલ દીકરી પરમાર રીંકલબેન જગતસિંહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના કાર્યક્રમમાં ગાંભોઈ ગ્રામપંચાયત સરપંચ મંજુલાબેન જગતસિંહ પરમાર, ડેપ્યુટી સરપંચ કાનુંબેન ભગવાનદાસ ચૌધરી, તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ તથા શાળા આચાર્ય દીપક પાટીલ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, શાળા પરિવાર તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાળમુખા ભૂકંપની ૨૧મી વરસી : વિનાશકારી ભૂકંપના આંચકા હજુ યથાવત

**ભૂકંપના તરંગોમાં ઈમારતોને પાટા પીંડી - પરંતુ સ્વજનોની પીડા યથાવત : ડોલીના સ્મરણપટ પર ભૂકંપની એ યાદ હજુ પણ સવાર**

બાયડ તા.૨૭

સમગ્ર દેશને હચમચાવી દેનાર કચ્છના કાળમૂખા ભૂકંપને આજે ૨૬ જાન્યુઆરીના રોજ ૨૧ વર્ષ પૂરા થયા છે ત્યારે સાબરકાંઠાના અનેક લોકોએ કચ્છમાં તેના સ્વજનો ગુમાવ્યા છે. જો કે કચ્છની ધરા ૨૧ વર્ષ પછી પણ ભૂકંપના આંચકા હજુ સહન કરે છે અને ભૂકંપના તરંતોમાં તૂટતી ઈમારતોની કડીયાઓ દ્વારા પાટાપીંડી કરી ઈમારતોને સારી દેખાડવાનો પ્રયાસ થાય છે. પરંતુ સ્વજનોની પીડા આ ભવમાં તો દૂર થાય તેવું દેખાતું નથી. કાળમુખા ભૂકંપની આજે ૨૧મી વરસી છે ત્યારે જેમને પોતાના વ્હાલસોયા સ્વજનો ગુમાવ્યા છે તેમના માટે ૨૬ જાન્યુઆરીનો દિવસ જીંદગીમાં કાળો દિવસ બની રહ્યો છે.



કાળમુખા ભૂકંપની વાત આવે ત્યારે કચ્છના ભૂકંપની તાસિર નજરો સમક્ષ ઉભરી આવતી હોય છે જો કે છેલ્લા બે વર્ષમાં જે રીતે દેશ અને પરદેશમાં ભૂકંપે તારાજી સર્જી છે તેમ છતાં નરસંહારની રીતે કચ્છના ભૂકંપની વિકરાળતા ક્યારેય પણ ભૂલાય તેમ નથી. કચ્છના ભૂકંપમાં માનવીની જીંદગીઓ ઉપર રોટલા શેકનારા પણ આજે હયાત છે. તો કેટલાક સ્વજનો એવા છે કે તેમને આર્થિક સંપત્તિની નહીં પરંતુ પોતાના પરિવારની અકાળે ભૂકંપે છીનવી લીધેલી જીંદગીઓનો ઘા આજે ૨૧ વર્ષ થવા છતાં પણ ભૂલી શક્યા નથી. ભૂકંપની તાજની સાક્ષી બની રહેલી જીંડવા ગામની ભાણી ડોલી જયસ્વાલ આજે સંપૂર્ણ સમજણી થઈ છે ત્યારે તે પણ ૨૧ વર્ષ અગાઉના ભૂકંપની વાત આવે એટલે ચિંતામગ્ન બની ભૂકંપના હોનહાર ચહેરાને યાદ કરવાનો પ્રયાસ કરતી હોય છે. જો કે ડોલી જેટલી નાની ઉંમરમાં ભૂકંપના આંચકા જોનારા બાળકો આજે યુવાન બની ગયા છે તેમ છતાં મોટેરાઓ કે જેમને નજીકથી ભૂકંપના રૂપમાં મોત જોયું હતું અને કુદરતના આ વિકરાળ તાંડવમાં જીંદગીને બચાવવામાં સફળ રહ્યા હતા તે આજે પણ કચ્છના ભૂકંપને યાદ કરતાં જ નજર સમક્ષ ધરતીમાં ગરક થઈ ગયેલા સ્વજનો અને ઈમારતો જોઈને હચમચી ઉઠે છે. આજે તો કચ્છ ફરીથી ઉભુ થઈ ગયું છે. પરંતુ કચ્છડાના મહાન ઈતિહાસના તાજના સાક્ષીઓને પણ કુદરતે પાતાળમાં સાક્ષી બનાવી દીધા હોય તેવી હોનહાર દુર્ઘટના એમ કંઈ ભૂલાય તેમ નથી. તાજેતરમાં જ સાબરકાંઠાની સરહદે ભૂકંપના આંચકા અનુભવાયા ત્યારે કચ્છનો કાળમુખો ભૂકંપ યાદ કરાયો હતો. આજે ૨૬ જાન્યુઆરીએ કચ્છ ભૂકંપની ૨૧મી વરસી છે ત્યારે જેમને પણ પોતાના નિકટના સ્વજનો ગુમાવ્યા છે તેમના માટે આજનું પ્રજાસત્તાક પર્વ હંમેશાં વસમું બની રહે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉકરડા રોગચાળાનું ઉદ્‌ગમ સ્થાન બનવાની ભીતી

**ઉકરડાઓમાં ઈતરડીની હાજરીથી પ્રાણી જન્ય રોગચાળો ફેલાવવાની દહેશત**

બાયડ તા.૨૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નિર્મળ ગુજરાતની ઉજવણીઓ પછી પણ ગામ નજીકના ઉકરડાઓ દૂર ન કરાવાતાં પ્રજાનું આરોગ્ય જોખમાય તે રીતે ઉકરડા રોગચાળાનું ઉદ્‌ગામ સ્થાન બની રહ્યા છે અને ઈતરડીની ઉકરડાઓમાં વધુ હાજરી રહેતી હોવાથી જિલ્લામાં પ્રાણી જન્ય રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થઈ છે. જ્યારે મોટા ભાગના પ્રાણી જન્ય રોગોનો ફેલાવો ઈતરડીથી થતો હોય છે અને તે ઉકરડાઓમાં જ ઝડપથી વધતી હોવાનું ખુદ આરોગ્ય તંત્ર સ્વીકારી રહ્યું છે. પરંતુ ઉકરડા દૂર કરાતા ન હોવાથી પ્રજાનું આરોગ્ય જોખમમાં મૂકાયું છે.

રાજ્યમાં સૌ પ્રથમવાર દેખાયેલ કોન્ગોક્રીમીયમ વાયરસ ઈતરડીથી માનવીના શરીરમાં દાખલ થયાનું બહાર આવ્યું છે અને આ વાયરસથી અત્યાર સુધીમાં ૯ થી વધુ લોકો મોતના મુખમાં ધકેલાઈ જતાં આરોગ્ય વિભાગ દ્વારા ઈતરડીનો ફેલાવો અટકાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જ્યારે ઈતરડીનો સૌથી વધુ ઉપદ્રવ ઉકરડાઓમાં રહેતો હોવાથી વર્મી કમ્પોસ્ટ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉકરડા અને કચરાનો નિકાલ કરવાનું કહેવાઈ રહ્યું છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શાળા, મહાશાળાઓ તથા બાળકોના આંગણવાડી કેન્દ્રો નજીક જ ઉકરડાઓના ઢગ ખડકાયેલા હોવાથી અભ્યાસ અર્થે જતા બાળકોનું આરોગ્ય અસલામત બની રહ્યું છે. જિલ્લામાં નિર્મળ ગુજરાતની ઉજવણી પ્રસંગે પણ ઉકરડાઓ દૂર કરવાનો મુદ્દો ઉછળ્યો હતો પરંતુ તંત્ર ગામડાઓમાંથી ઉકરડાઓ દૂર કરાવી શક્યું ન હતું અને હવે કોન્ગોક્રીમીયમ વાયરસ ફેલાવવામાં ઈતરડીને જવાબદાર માનવામાં આવી છે અને તે ઉકરડાઓમાં જ વધુ રહેતી હોવાથી અગમચેતીના ભાગરૂપે ઉકરડા હટાવવા જ રહ્યા. જિલ્લામાં અગાઉ પણ ઝેરી કમળાએ હાહાકાર મચાવ્યો હતો અને આરોગ્ય તંત્ર અને તપાસનીશ ટીમો તેનું ઉદ્‌ગમ સ્થાન શોધવા માટે રીતસરના ફાંફે ચડ્યા હતા. જો કે તેમાં તબીબોની બેદરકારીથી ઝેરી કમળો ફેલાયાનું બહાર આવ્યું હતું અને હવે રાજ્યમાં નવા જ પ્રકારના કોન્ગોક્રીમીયમ વાયરસે દોઢ દાયકામાં દેખા દીધી હતી તેનું પુનરાવર્તન ન થાય તે માટે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ઉકરડા હટાવો અભિયાન હાથ ધરાય તે જરૂરી બન્યું છે અન્યથા ઉકરડાઓમાં રહેતી ઈતરડીથી પ્રાણી જન્ય રોગચાળો ફેલાવવાની શક્યતાઓ અનેક ગણી વધી ગઈ છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં ૭૩મા પ્રજાસત્તાક દિનની દબદબાભેર ઉજવણી

પ્રાંતિજ તા.૨૭



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા ૭૩ મા પ્રજાસત્તાક દિન ની ઉત્સાહ ભેર ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ સહિત તાલુકા મા ૭૩ મા પ્રજાસત્તાક દિન ની દબદબાભેર ઉજવણી કરવામા આવી હતી જેમા પ્રાંતિજ નગરપાલિકા ખાતે નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા ના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ તો નગરપાલિકા ના કોર્પોરેટરો, ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને તિરંગા ને સલામી આપી હતી તો પ્રાંતિજ સિવિલ કોર્ટ કેમ્પસ ખાતે પણ ૭૩ મા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી આનંદ ભેર કરવામા આવી હતી જેમા એડિશનલ સિવિલ જજ બી.જી.સોલંકી ના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે

પ્રાંતિજ ખાતે કાર્યરત બન્ને બાર એસોસીએશન ના પ્રમુખ યોગેશભાઈ રાવલ તથા પ્રમુખ રશ્મિકાન્ત પટેલ તથા બન્ને એસોસીએશન ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પણ ૭૩ મા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામા આવી હતી તો પ્રાંતિજ ના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ કંપની ખાતે પણ પ્રજાસત્તાક દિન ની ઉજવણી કરવામા આવી હતી જેમા કંપની ના ડાયરેક્ટર સુધિર.કે.મલેસા ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ અને દેશ ભકિત ના ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો ની સાથે કંપની ના કર્મચારીઓ કામદારો ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો પ્રાંતિજ વુધ્ધાશ્રમ ખાતે પણ વુધ્ધાશ્રમ ના વુધ્ધો દ્વારા વુધ્ધાશ્રમ મા પ્રજાસત્તાક ની ઉજવણી કરી સાંસ્કૃતિક કાર્યક્રમો નુ આયોજન કરવામા આવ્યુ હતુ તો પ્રાંતિજ સહિત તાલુકા મા ૭૩ મા પ્રજાસત્તાક દિન ની ઉજવણી ની હર્ષોલ્લાસ પૂર્વક કરવામા આવી હતી .




શ્રી સરસ્વતી વિદ્યાલય રમાસમાં આન-બાન અને શાનથી પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી...,જેમાં સવારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં પ્રભાતફેરી કરવામાં આવી ત્યારબાદ નવયુવક કેળવણી મંડળના આદરણીય ચેરમેન શ્રી કાન્તીભાઈ આર. પટેલ (એડવોકેટ) દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું ત્યારબાદ શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા કોરોના મહામારી અને બેટી બચાવો ઉપર સ્પીચ આપવામાં આવી....સમગ્ર કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ રાસ ગરબા રમીને આજના દિવસને વિશેષ રીતે ઉજવ્યો હતો... આ પ્રસંગે કેળવણી મંડળના સૌ સભ્યશ્રીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# વિવાદિત ડમ્પીંગ સાઈટ- અરવલ્લી કલેક્ટરને લોકસનાવણી મોકૂફ રાખવાની સત્તામ

**અલવા ગામના સૂચિત ડમ્પીંગ સાઈટનો વિરોધ વધતાં પ્રદુષણ નિયંત્રણ બોર્ડે કિનારો પકડ્યો..!**

બાયડ, તા.૨૭

બાયડ તાલુકાના અલવાગામના સીમાડામાં નરોડા સ્થિત કંપની દ્વારા ઝેરી કચરાના નિકાલ માટે સૂચિત ડમ્પીંગ સાઈટ માટે મંજૂરી માંગતા વિરોધ વંટોળ શરૂ થયો છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા શનિવારે લોકસુનાવણીનું સ્થળ ઉપર આયોજન કરાયું છે પરંતુ ખેડૂતો અને ગ્રામ્યપ્રજાના પ્રચંડ વિરોધ પછી લોકસુનાવણી સ્થળે ઘર્ષણની સ્થિતિ પેદા થાય તેવી સંભાવના છે. જ્યારે કોરોના મહામારીના કારણે ૪ વધુ લોકોના ભેગા થવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે ત્યારે લોકસુનાવણી મોકૂફ રાખવી જોઈએ તેવી ખેડૂતોએ માંગણી કર્યા પછી પણ કોઈ નિર્ણય લેવાયો નથી. જ્યારે અરવલ્લી કલેક્ટરને લોકસુનાવણી મોકૂફ રાખવાની સત્તા છે ત્યારે કલેક્ટર શું નિર્ણય કરે છે તેના ઉપર સૌની મીટ મંડાઈ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અમારે નિયમ અનુસાર માંગણી આવે એટલે લોકસુનાવણીનું આયોજન કરવું પડે પરંતુ લોકસુનાવણી મોકૂફ રાખવી કે કેમ? તેનો નિર્ણય જિલ્લા કલેક્ટરે કરવાનો હોય છે તેવું જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં પ્રદુષણ આંકતા સૌથી વધુ એકમો હોવા છતાં કોઈ હરફ ઉચ્ચારતું નથી અને હવે અધૂરું હતું તે છેક અમદાવાના જીઆઈડીસી વિસ્તારનો ઝેરી કેમિકલ કચરો પણ બાયડમાં ઠાલવવા માટે એક પછી એક ડમ્પીંગ સાઈટ માટેની અરજીઓ પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મળી રહી છે. બાયડ તાલુકાના રાજકારણીઓ વધુ ચકોર હોવા છતાં જિલ્લાના અન્ય તાલુકાના બદલે બાયડ તાલુકામાં જ કેમ ડમ્પીંગ સાઈટ માટે પસંદગી ઉતારવામાં આવે છે ? પ્રજા રાજકારણીઓના તમામ ખેલ જાણી ચુકી છે અને હવે તાલુકાની ભાવી પેઢી અને ખેડૂતો બરબાદ થાય તેવી કોઈપણ હરકત સમજુ પ્રજા હરગીજ સ્વીકારવા તૈયાર નથી અને તેના કારણે જ સિમલીયા પછી હવે બાયડ તાલુકાના અલવાગામ નજીક ઝેરી કેમીકલ નિકાલ માટેની ડમ્પીંગ સાઈટ મુદ્દે પ્રજામાં સ્વયંભૂ વિરોધ આકાર લઈ રહ્યો છે. કેટલાંય મેલીમથરાવટીવાળા આગેવાનો વિવાદિત ડમ્પીંગ સાઈટના વિરોધ માટે મેદાનમાં આવતા આ વિસ્તારના ખેડુતો તેમની ખોરી દાનત જાણી ચુક્યા છે. જ્યારે ગુજરાત પોલ્યુશન બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે અમારી સમક્ષ ડમ્પીંગ સાઈટ અંગેની કોઈ દરખાસ્ત આવે એટલે તેની નિયત સમયમાં સુનાવણી કરવામાં આવે છે અને તેમાં જે કઈ રજુઆત આવે તે કેન્દ્ર સરકારને મોકલવામાં આવે છે. ડમ્પીંગ સાઈટની દરખાસ્ત માન્ય રાખવી કે કેમ ? તેનો નિર્ણય કેન્દ્ર સરકાર કક્ષાએથી થતો હોય છે. પરંતુ લોકસુનાવણી ચાલુ રાખવી કે મોકૂફ રાખવી તેનો અધિકાર જેતે જિલ્લાના કલેક્ટરને હોવાથી લોકોરોષ હોવા છતાં અમે સુનાવણી મુલત્વી રાખી ન શકીએ તેમ જણાવ્યું હતું.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં યુરીયા ખાતરનો કકળાટ : ખાતર માટે ખેડૂતોની કતારો

**માંગ કરતાં પણ ઓછો જથ્થો આવતાં સમયસર ખાતર મળતું ન હોવાનો ખેડૂતોનો આક્રોશ**

બાયડ તા.૨૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રવી સીઝનની ખેતીના પ્રારંભથી જ યુરીયા ખાતરની તંગી ખેડૂતો માટે પરેશાનરૂપ બની રહી છે. જિલ્લામાં યુરીયા ખાતરની જરૂરીયાત કરતાં ખાતરનો ઓછો જથ્થો ફળવાતો હોવાથી હાલમાં પણ જિલ્લાના અનેક વિસ્તારોમાં ખાતરનો કાળો કકળાટ યથાવત રહ્યો છે. જ્યારે બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર તાલુકા સહિત અનેક વિસ્તારોમાં ખાતર માટે ખેડૂતો રજડપાટ કરતા જોવા મળી રહ્યા છે. ખાતર વિતરણ કરતા ડેપો આગળ ખેડૂતોએ લાંબી કતારો લગાવી દીધી હતી.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ખેતી માટે જરૂરી એવા યુરીયા ખાતરની ફાળવણી બાબતે મોટી ગેમ રમાતી હોય તેમ ખેડૂતોને અણિના સમયે જ યુરીયા ખાતર મળતું નથી. વર્તમાન શિયાળાની શરૂઆતના દિવસોમાં પણ મોટા ભાગના વિસ્તારોમાં ખેડૂતોને યુરીયા ખાતર ન મળતાં ખેડૂતોમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો હતો પરંતુ ત્યાર પછી ખાતરનો કેટલોક જથ્થો ફળવાતાં ખેડૂતોએ રવી સીઝનની ખેતીનો પ્રારંભ કર્યો હતો. પરંતુ ફરીથી જિલ્લામાં યુરીયા ખાતરનો કાળો કકળાટ શરૂ થયો છે. જિલ્લામાં રવી સીઝનની ખેતીમાં ખેડૂતોની મહેનત રંગ લાવતાં રવી પાકોથી લહેરાઈ ઉઠ્યો છે અને હવે પાકોમાં ખાતરની તાતી જરૂરીયાત ઉભી થઈ છે તેવા સમયે જ ખેડૂતોને યુરીયા ખાતર ન મળતાં જરૂરીયાતમંદ ખેડૂતો ખાતર મેળવવા માટે અહીં તહીં ભટકી રહ્યા છે. જિલ્લામાં યુરીયા ખાતરના જથ્થાની ફાળવણીમાં પણ રાજકારણ ખેલાતું હોય તેમ ખેડૂતોને જરૂરીયાત કરતાં પણ કેટલાક તાલુકાઓમાં ઓછો જથ્થો આવતાં ખાતર ન મળવાથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં સર્વત્ર રવી સીઝનની ખેતી માટે યુરીયા ખાતરની તાતી જરૂરીયાત છે અને ખેડૂતો પણ ખાતર માટે ધક્કા ખાઈ ખાઈને થાક્યા હોવા છતાં સમયસર ખાતર ન મળવાથી પાક ઉત્પાદન ઘટવાની શક્યતાઓ અનેક ગણી વધી ગઈ છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# જન્મદિને વધામણી



કિરીટગીરી એમ. ગોસ્વામી
બાયડ (સુરત)



સ્નેહલ ગોસાઇ
બાયડ જીલ્લો અરવલ્લી



સ્મિતાબેન મિતેશભાઇ પટેલ
શ્રીજીચરણ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



મહેન્દ્રસિંહ બારૈયા
પૂર્વ ધારાસભ્ય પ્રાંતિજ

# જિલ્લામાં એકાએક ઠંડી પ્રકોપ દિવસ દરમિયાન તાપમાનનો પારો ઉંચકાતાં મિશ્ર ઋતુ

**જાનૈયાઓ અને સબંધીઓ ઠંડીમાં ઠુઠવાયા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં એકાએક ઠંડીનું જોર વધતાં લગ્નસરાના દિવસના અવસરોમાં ગાત્રો થીજવતી ઠંડીથી જાનૈયાઓ અને સબંધીઓ ઠુઠવાતા જોવા મળ્યા. કમોસમી માવઠાની વિદાય પછી બીજા દિવસે લઘુત્તમ તાપમાન રાત્રે ૬ ડિગ્રીથી નીચે જતાં ઠંડી પ્રકોપથી પ્રજા અને ખેડૂતો ઠંડીથી ધ્રુજતાં જોવા મળ્યા. જ્યારે બપોરે તાપમાનનો પારો ઉંચકાતો હોવાથી મિશ્રઋતુના કારણે વાયરલ બીમારીનો ભરડો કસાય તેવી દહેશત સેવાય છે.

વિલંબથી શિયાળો શરૂ થયો છે ત્યારે એક તબક્કે શિયાળાની વિદાય માની લેવામાં આવી હતી. સપ્તાહ અગાઉ હવામાન પલ્ટાવની ભીતી ઉભી થતાં લગ્નસરાના અવસર ઉપર સંકટ આવશે તેવી દહેશત સેવાતી હતી. પરંતુ ફરીથી સમી સાંજથી પરોઢ દરમ્યાન ઠંડીનું જોર વધતાં પ્રજા ફરીથી ગરમ વસ્ત્રોમાં લપેટાવવાની સાથે રાત્રે બહાર જવાના બદલે ઘરમાં જ પુરાઈ રહેવાનું મુનાસીફ માની રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વહેલી પરોઢે અનેક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૬ ડીગ્રીથી નીચે જતાં ગાત્રો થીજવતી ઠંડી અનુભવાઈ રહી છે. જ્યારે બપોર થતાં હવે જાણે ધીમા પગલે ઉનાળાનું આગમન થતું હોય તે રીતની ગરમી અનુભવાય છે. અરવલ્લીના બાયડમાં મંગળવારે મહત્તમ તાપમાન ૨૨ ડીગ્રીને પાર કરી ગયું હતું.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કપાસના ભાવમાં ભારે ઉછાળો : ખેડૂતો માલામાલ

**રૂા.૧૮૦૦ થી ૧૯૦૦ સુધીનો ભાવ મળતાં ધરતી પુત્રો હરખાયા : ઉતાવળે કપાસ વેચનારા પસ્તાયા**

બાયડ તા.૨૭

કપાસના ભાવને લઈને લમણે હાથ મુકતા ખેડૂતો માટે હવે સારા દિવસો આવ્યા હોય તેમ છેલ્લા દોઢ સપ્તાહથી કપાસના ભાવમાં આગઝરતી તેજી જોવા મળી છે. કપાસ રૂા.૧૮૦૦ થી ૧૯૦૦ના ઐતિહાસિક ભાવે પહોંચી જતાં ધરતી પુત્રો કપાસના ભાવમાં આગ ઝરતી તેજીને લઈને હરખાઈ ઉઠ્યા છે. જ્યારે આજથી મહિના અગાઉ ઉતાવળે કપાસ વેચનારા ખેડૂતો હાલ કપાસના વધુ ભાવ જોઈ પસ્તાઈ રહ્યાનું જાણવા મળેલ છે. જ્યારે આગામી દિવસોમાં કપાસનો ભાવ રૂા.૨૧૦૦થી પણ વધુ થવાની સંભાવના બજારોમાં વ્યક્ત થઈ રહી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બી.ટી. કપાસના આગમન પછી ખેડૂતો કપાસના મળતા સારા ભાવને લઈને માલામાલ થઈ રહ્યા છે. સતત દર વર્ષે કપાસનું વાવેતર વધી રહ્યું છે અને આ વર્ષે જિલ્લામાં ૯૦ હજાર હેક્ટરથી પણ વધુ જમીનમાં કપાસનું વાવેતર થયું હતું. આ વર્ષે કમોસમી માવઠાને બાદ કરતાં કપાસના પાક ઉપર કોઈ ખતરો જોવા મળ્યો ન હતો. જેથી આ વર્ષે ગત વર્ષ કરતાં પણ દોઢ ગણું કપાસનું ઉત્પાદન થતાં ધરતી પુત્રો હરખાઈ ઉઠ્યા હતા. જો કે કપાસની મબલખ આવક પછી જિલ્લામાં સી.સી.આઈ. દ્વારા કપાસ ખરીદી કેન્દ્રો શરૂ ન કરાતાં ખેડૂતો ખાનગી વેપારીઓના હાથે લૂંટાતા હતા.

જો કે હવે કપાસના ભાવમાં જે રીતે આગ ઝરતી તેજી જોવા મળી રહી છે તેને લઈને ખેડૂતોએ છેલ્લા બે સપ્તાહથી કપાસનું વેચાણ શરૂ કર્યું છે અને અગાઉ રૂા. ૯૫૦ થી ૧૨૦૦નો વધુનો ભાવ મળતાં ખેડૂત પુત્રો કપાસના અ..ધ..ધ..ભાવથી મલકાઈ ઉઠ્યા હતા. પરંતુ હાલ સોના-ચાંદીના ભાવમાં ઘટાડો વિસ્મય સર્જી રહ્યો છે. પરંતુ કપાસના ભાવમાં જે રીતે સતત ઉછાળો આવી રહ્યો છે તે જોતાં વેપારીઓ પણ આંખો ચોળતા થઈ ગયા છે. જિલ્લામાં ગઈકાલે કપાસના ભાવ રૂા.૧૮૦૦ થી ૧૯૦૦ સુધી પહોંચ્યાનું આકરુન્દ વિસ્તારના કેટલાંક ખેડૂતોએ જણાવ્યું હતું. એકાએક કપાસની માંગ વધતાં કપાસના ભાવમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. જો કે આ વખતે પ્રથમવાર એવું જોવા મળી રહ્યું છે કે વાવણી કરનારો ખેડૂત વધુ ને વધુ કમાઈ રહ્યો છે. જિલ્લામાં હાલ કપાસના ભાવ જે રીતે મળી રહ્યા છે તે જોતાં આવતા વર્ષે જિલ્લામાં કપાસનું વાવેતર બેવડુ થવાની સંભાવના પણ નકારી શકાતી નથી.

# આંજણા પાટીદાર સમાજના સહકારી આગેવાન જીતુભાઈ પટેલના અવસાનથી શોક છવાયો

ઈડર તાલુકાના ચોરીવાડ ગામના સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકના પૂર્વ મેનેજર, સાબરડેરીના પૂર્વ વાઈસ ચેરમેન, આંજણા પાટીદાર સમાજના આગેવાન અને જિલ્લાના સહકારી અગ્રણી જીતુભાઈ માધુભાઈ પટેલનું સોમવારે અવસાન થતાં સમસ્ત આંજણા પાટીદાર સમાજ સહિત જિલ્લાની પ્રજામાં શોક છવાયો હતો. તેઓ સમાજ સુધારક અને કેળવણીકાર તરીકે આગવી છબી ઉભી કરી હતી. પોતાના જીંદાદિલ વ્યક્તિત્વના કારણે તેઓને દરેક સમાજમાં આગવું સન્માન મળ્યું હતું.

પાટીદાર સમાજ સંગઠિત બનાવાના પ્રયાસના મુખ્ય શિલ્પી, વિવિધ સહકારી સંસ્થાઓમાં નેતૃત્વ આપી સંસ્થાઓના ઉદ્ધારક બનેલા ઈડર તાલુકાના પ્રગતિશીલ ગામ ચોરીવાડના જીતુભાઈ એમ. પટેલનું ટુંકી માંદગી બાદ નિધન થયું છે. તેઓ



વર્ષો સુધી ચોરીવાડ દૂધ મંડળીના ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાઈ આવતા હતા. ત્યાર બાદ ચોરીવાડ કેળવણી મંડળના પ્રમુખ તરીકે પણ અમૂલ્ય સેવાઓ આપી છે. ગતરોજ તેમની ચિરવિદાયથી આંજણા પાટીદાર સમાજને મોટી ખોટ પડી છે.